# તારાંકિત પ્રશ્ન ક્રમાંક –૧૫/૪/૩૬૫

# અગ્રતા ક્રમ –૧૭

## આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

વિધાનસભા ગૃહમાં જવાબ આપવાની તારીખ – ૦૫/૦૨/૨૦૨૪

**પ્રશ્નનું શિર્ષક :– રાજયમાં ડાયાલીસીસ માટે યોજના"**

**પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ:– શ્રીમતી દર્શના એમ વાઘેલા (અસારવા)**

## મુળ પ્રશ્ન અને છાપ્યા મુજબનો જવાબ

## રાજયમાં ડાયાલીસીસ માટે યોજના

***15/4/365 દર્શના એમ વાઘેલા** ( અસારવા ): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા. ૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ રાજયમાં ડાયાલીસીસ માટે સરકારે કોઇ યોજના શરૂ કરેલ છે કે કેમ, | (૧)PMNDP પ્રધાનમંત્રી નેશનલ ડાયાલીસીસ યોજના શરૂ કરેલ છે. |
| (૨)જો હા તો તા. ૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ આ યોજના અંતર્ગત હાલમાં કૂલ કેટલા સેન્ટરો કાર્યરત છે, અને | (૨) ૨૬૬ સેન્ટરો કાર્યત છે. |
| (૩) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ યોજના અંતર્ગત કૂલ કેટલા દર્દીઓના ડાયાલીસીસ કરવામાં આવ્યા? | (૩) વર્ષ – ૨૦૨૨ માં ૩૫૮૪<br>વર્ષ – ૨૦૨૩ માં ૪૬૪૪ |

# પુરક નોંધ

## પ્રધાનમંત્રી નેશનલ  ડાયાલીસીસ પ્રોગ્રામ(PMNDP)

લોકોની બદલાતી જતી જીવનશૈલી તેમજ ગુણવત્તાસભર પાણીના અભાવે કીડનીને લગતા રોગોનું પ્રમાણ દિવસે દિવસેવધતુ જાય છે. રોગ અને મૃત્યુદરના પ્રમાણને જોતા, ૨૦ ટકા મૃત્યુદરના મુખ્ય કારણ તરીકે કીડનીને લગતા રોગો માલૂમ પડેલ છે. એક વખત દર્દીની કિડની કામ કરતી બંધ થઇ જાય ત્યારે દર્દીને ડાયાલીસીસ અને પેરીટોનીયલ ડાયાલીસીસની સારવાર મેળવવી જરૂરી બની રહે છે. કેટલીક વખત દર્દીઓને કિડની ટ્રાન્સપ્લાન્ટ કરાવવાની જરૂરીયાત રહે છે. અગાઉના વર્ષોમાં કીડનીને લગતા રોગોની સારવાર માટે સરકાર સહાયિત ફક્ત આઇ.કે.ડી.આર.સી. અમદાવાદ ખાતે કાર્યરત હતી. જેને કારણે કિડનીને લગતા રોગોની સારવાર મેળવવામાં દર્દીઓને ખુબ જ હાડમારી રહેતી હતી. આ સંજોગોને ધ્યાનમાં લઈને રાજ્ય સરકારે તા. ૦૭ એપ્રિલ ૨૦૧૬ થી  કિડની ડીસીઝ અને રિસર્ચ સેન્ટર, અમદાવાદ સાથે સમજૂતી કરાર *(MoU)* કરેલ છે જે અન્વયે  ડાયાલીસીસ ના દર્દીઓ ને સ્થાનિક કક્ષાએ સારવાર મળી રહે તે માટે ડાયાલીસીસની સુવિધા તબીબી શિક્ષણ સંલગ્ન હોસ્પિટલો, જી.એમ.ઇ.આર.એસ સંલગ્ન હોસ્પિટલો, જિલ્લા હોસ્પિટલો, પેટા જીલ્લા હોસ્પિટલો તથા સામુહિક આરોગ્ય કેન્દ્રો ખાતે ઉપલબ્ધ કરેલ છે.

કિડની રોગના કોઈ પણ દર્દીને ડાયાલીસિસ કરાવવા માટે ૧૫–૨૦ કિમી થી દુર જવું ના પડે અને ઉત્તમ સુવિધા ખૂબ નજીક જ ઉપલબ્ધ થઈ શકે. તેમજ દરેક ડાયાલિસિસ પછી ભાડા ખર્ચ પેટે સરકારશ્રીની આયુષ્માન કાર્ડ યોજના અંતર્ગત રૂ. ૩૦૦ આપવામાં આવે છે જેથી દર્દીને આ બાબતનું આર્થિક ભારણ પણ રહેતું નથી.

રાજ્ય સરકારે તબીબી શિક્ષણ સંલગ્ન હોસ્પિટલો, મેડિકલ કોલેજો, જી.એમ.ઈ.આર.એસ. સંલગ્ન હોસ્પિટલો, જીલ્લા હોસ્પિટલો, પેટા જીલ્લા હોસ્પિટલો તથા સામુહિક આરોગ્ય કેન્દ્રો મળી કુલ ૨૬૬ આરોગ્ય સંસ્થાઓ ખાતે ડાયાલીસીસ યુનિટ હાલમાં કાર્યરત છે. ઉક્ત સંસ્થાઓ ખાતે એક વર્ષમાં અંદાજીત ૫,૧૬,૦૦૦ ડાયાલીસીસ થાય છે.

# પેટા પ્રશ્નો

**અગ્રતા ક્રમ :** ૧૭

**પ્રશ્ન ક્રમાંક :** ૧૫/૪/૩૬૫

તા.૦૫/૦૨/૨૦૨૪

આરોગ્ય વિભાગ

**માન.ધારાસભ્યશ્રી : શ્રીમતી દર્શના એમ વાઘેલા**

**(અસારવા)**

**પ્રશ્ન:- "રાજયમાં ડાયાલીસીસ માટે યોજના"**

**પૂરક પ્રશ્નોની યાદી**

| પેટા પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ધારાસભ્યશ્રીનું નામ |
|---|---|---|
| ૧ | રાજ્ય સરકારશ્રી દ્વારા પ્રધાનમંત્રી નેશનલ ડાયાલિસિસ પ્રોગ્રામ (PMNDP) નું અમલીકરણ કરવામાં આવે છે કે કેમ? જો હા તો આ પ્રોગ્રામ હેઠળ રાજ્યના કેટલા જીલ્લા આવરી લેવામાં આવેલ છે? | શ્રીમતી દર્શના એમ વાઘેલા, અસારવા |

| | | |
|---|---|---|
| ૨ | પ્રધાનમંત્રી નેશનલ ડાયાલિસિસ પ્રોગ્રામ (PMNDP) હેઠળ કીડનીના રોગથી પીડાતા દર્દીઓ પાસે કેટલો ચાર્જ લેવામાં આવે છે? | શ્રીમતી રીટાબેન પટેલ, ગાંધીનગર |
| ૩ | પ્રધાનમંત્રી નેશનલ ડાયાલિસિસ પ્રોગ્રામ (PMNDP) હેઠળ ગુજરાત રાજ્યમાં ડાયાલીસીસની સેવાઓ કયા સ્તરે પુરી પાડવામાં આવે છે? | શ્રી મહેશભાઇ કસવાલા, સાવરકુંડલા |

**અગ્રતા ક્રમાંક-૧૭**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૧૫/૪/૩૬૫**

**આરોગ્ય વિભાગ**

**તા.૦૫/૦૨/૨૦૨૪**

**પેટા પ્રશ્ન : ૧ (શ્રીમતી દર્શના એમ વાઘેલા, અસારવા)**

- રાજ્ય સરકારશ્રી દ્વારા પ્રધાનમંત્રી નેશનલ ડાયાલિસિસ પ્રોગ્રામ (PMNDP) નું અમલીકરણ કરવામાં આવે છે કે કેમ? જો હા તો આ પ્રોગ્રામ હેઠળ રાજ્યના કેટલા જીલ્લા આવરી લેવામાં આવેલ છે?

**જવાબ :**

- રાજ્ય સરકારશ્રી દ્વારા પ્રધાનમંત્રી નેશનલ ડાયાલિસિસ પ્રોગ્રામ (PMNDP) નુ અમલિકરણ કરવામાં આવે છે અને ગરીબ અને જરૂરિયાતમંદ લોકોને તેમના નિવાસસ્થાનની નજીકના વિસ્તારમાં નિ:શુલ્ક ડાયાલિસિસ સેવાઓ પ્રદાન કરવામાં આવે છે.
- રાજ્ય સરકારશ્રી દ્વારા પ્રધાનમંત્રી નેશનલ ડાયાલિસિસ પ્રોગ્રામ (PMNDP) હેઠળ રાજ્યના તમામ જિલ્લાઓને આવરી લેવામાં આવેલ છે.

**પેટા પ્રશ્ન : ૨ (શ્રીમતી રીટાબેન પટેલ, ગાંધીનગર)**

- પ્રધાનમંત્રી નેશનલ ડાયાલિસિસ પ્રોગ્રામ (PMNDP) હેઠળ કીડનીના રોગથી પીડાતા દર્દીઓ પાસે કેટલો ચાર્જ લેવામાં આવે છે?

**જવાબ :**

- પ્રધાનમંત્રી નેશનલ ડાયાલિસિસ પ્રોગ્રામ (PMNDP) હેઠળ કીડનીના રોગથી પીડાતા દર્દીઓને વિનામૂલ્યે કિડનીની વ્યાપક સંભાળ પૂરી પાડવામાં આવે છે.

**પેટા પ્રશ્ન : ૩ (શ્રી મહેશભાઈ કસવાલા, સાવરકુંડલા)**

- પ્રધાનમંત્રી નેશનલ ડાયાલિસિસ પ્રોગ્રામ (PMNDP) હેઠળ ગુજરાત રાજ્યમાં ડાયાલીસીસની સેવાઓ કયા સ્તરે પુરી પાડવામાં આવે છે?

**જવાબ :**

- પ્રધાનમંત્રી નેશનલ ડાયાલિસિસ પ્રોગ્રામ (PMNDP) હેઠળ ગુજરાત રાજ્યમાં ડાયાલીસીસની સેવાઓ દર્દીના ઘરથી ૩૦-૪૦ કિમીના અંતરમાં તાલુકા કક્ષાના આરોગ્ય કેન્દ્રો (સામુહિક આરોગ્ય કેન્દ્રો) ઉપર નિ:શુલ્ક સારવાર પુરી પાડવામાં આવે છે.